# પ્રેસનોટ

અમદાવાદ શહેરમાં વર્તમાન સમયમાં વાહનોની સંખ્યા વધતાં ટ્રાફીકની ખુબ જ સમસ્યા વધી ગયેલ છે. જે ટ્રાફીકની સમસ્યાને ધ્યાનમાં લઈને અમદાવાદ શહેર ટ્રાફીક શાખા દ્વારા હાલમાં વોટ્સ એપ સુવિધા નાગરિકોના હીતાર્થે કાર્યરત છે. જે ટ્રાફીક વોટ્સ એપ સુવિધા મોબાઈલ નંબર **૯૭૭૯૯ ૨૧૦૯૫** ઉપર કાર્યરત છે અને આ વોટ્સ એપ નંબર ઉપર જો આપ કોઈ જગ્યાએ કોઈ કારણોસર ટ્રાફીક જામ થયેલ હોઈ, કોઈ જગ્યાએ અડચણરૂપ વાહનો પાર્ક કરેલા હોય, કોઈ જગ્યાએ અડચણરૂપ લારી,ગલ્લા, ફેરીયાઓ અડચણરૂપ ઉભા રહેલ હોય તેમજ અન્ય ટ્રાફીકને લગત કોઈ સમસ્યા જણાઈ આવ્યેથી આપશ્રી દ્વારા પોતાના કોઈપણ મોબાઈલ ફોન ઉપરથી વોટ્સ દ્વારા જે જગ્યાએ ટ્રાફીક જામ કે અડચણરૂપ વાહનો પાર્ક કરેલ હોય તે જગ્યાનું ઈમેજ અથવા તો વિડીયો મોકલી અને જગ્યાનું નામ લખી મોકલી આપવું. જે વોટ્સ એપ મેસેજ અત્રે મળતાં અત્રેથી કંન્ટ્રોલ રૂમ મારફત જે તે જગ્યાએ ફરજ પરના પોલીસનાં કર્મચારીઓ મોકલી ટ્રાફીક જામની સમસ્યાનું તાત્કાલિક નિવારણ કરવામાં આવે છે.

જેથી નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે ઉપર મુજબની ટ્રાફીક સમસ્યા આપના ધ્યાને આવે અગર ફરજ પરના ટ્રાફીક પોલીસ કર્મચારીઓની વર્તાણૂંક બાબતની કોઈ ફરિયાદ હોય તો પણ ટ્રાફીક વોટ્સ એપ સુવિધા મોબાઈલ નંબર **૯૭૭૯૯ ૨૧૦૯૫** ઉપર આપના મોબાઈલથી વોટ્સ એપ મોકલી આપવું જેથી તેનું ત્વરિત નિરાકરણ કરી શકાય.

**(સુભાષ ત્રિવેદી)**
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર